તાપમાન
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૩૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૯૪ ૪ જાન્યુઆરી, ૨૦૧૭, બુધવાર ; પોષ સુદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




# સાંસદ સુદીપ બંદોપાધ્યાયની ધરપકડ

**રોજવેલી ચિટ ફંડ સ્કૈમના સંદર્ભે સીબીઆઈએ કરેલી ધરપકડ : પગલા સામે આજથી ધરણા પ્રદર્શન કરાશે : રાજકીય દ્વેષભાવથી ધરપકડ કરાયાની મમતા બેનરજીનો આક્ષેપ**



નવીદિલ્હી,તા. ૩

તૃણમુલ કોંગ્રેસના સાંસદ સુદીપ બંદોપાધ્યાયની સીબીઆઈએ આજે રોજવેલી ચિટ ફંડ સ્કૈમના સંદર્ભમાં ધરપકડ કરી લેતા રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો. તેમની ધરપકડ કરવામાં આવ્યા બાદ સીબીઆઈ બંદોપાધ્યાયને ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વર લઈ ગઈ હતી. આ સંદર્ભમાં રાજકીય વર્તુળોમાં આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર શરૂ થઈ ગયો છે. પાર્ટી ચીફ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ અંગે આકરી પ્રતિક્રિયા આપી છે અને કહ્યું છે કે, કેન્દ્ર સરકાર દ્વેષભાવની રાજનીતિ રમી રહી છે. મમતા બેનર્જીએ કહ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમારી તમામની ધરપકડ કરી શકે છે પરંતુ નોટબંધીની સામે અમારી લડાઈ જારી રહેશે. વિરોધ પ્રદર્શન પણ જારી રહેશે. ટીએમસીના વડા સુદીપ

● અનુસંધાન પાન-૭ પર

## બંદોપાધ્યાયની ધરપકડ બાદ ભાજપ ઓફિસ ઉપર તોડફોડ

**ટીએમસીના કાર્યકરો દ્વારા હુમલો કરાયો સીબીઆઈ, ઇડી અને આઈટીનો ઉપયોગ કરવાનો મોદી ઉપર મમતા બેનર્જીનો સીધો આક્ષેપ**



નવી દિલ્હી,તા. ૩

રોજવેલી ચીટફંડ કૌભાંડના સંદર્ભમાં તૃણમુલ સાંસદ સુદીપ બંદોપાધ્યાયની ધરપકડ કરવામાં આવ્યા બાદ આના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. તૃણમુલ કોંગ્રેસના કાર્યકરોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. સુદીપ બંદોપાધ્યાયની ધરપકડ બાદ ટીએમસીની વિદ્યાર્થી પાંખના કાર્યકરો દ્વારા જોરદાર તોડફોડ કરવામાં આવી હતી. ભાજપની કોલકાતા ઓફિસ ઉપર હુમલો પણ કરવામાં આવ્યો હતો જેના પરિણામ સ્વરુપે તંગદિલી ફેલાઈ ગઈ છે. તૃણમુલ કોંગ્રેસના વિદ્યાર્થી પાંખના કાર્યકરો આક્રમક દેખાયા હતા. અગાઉ સીબીઆઈએ સુદીપની ધરપકડ કરી લીધી હતી. મમતા બેનર્જી ભારે લાલઘૂમ દેખાઈ રહ્યા છે. સીબીઆઈ, ઈડી અને આઈટીનો ઉપયોગ કરવાનો મોદી ઉપર સીધો આક્ષેપ કરવામાં આવ્યો છે. મમતાએ કહ્યું છે કે, નોટબંધી સામે અવાજ ઉઠાવનાર લોકોની ધરપકડ કરાઈ રહી છે.

## બીસીસીઆઈના નવા પ્રમુખ પદ માટે ગાંગુલી દાવેદાર

નવી દિલ્હી,તા. ૩

પ્રમુખ પદના હોદ્દાથી અનુરાગ ઠાકુરને દૂર કરવાનો સુપ્રીમ કોર્ટે આદેશકર્યા બાદ હવે પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલી બીસીસીઆઈના પ્રમુખ તરીકેની જવાબદારી લેવા માટે પ્રબળ દાવેદાર તરીકે ઉભરી આવ્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વિવાદાસ્પદ ક્રિકેટ બોર્ડના કારોબારી ચીફ તરીકે પાંચ ઉપપ્રમુખો પૈકી કોની નિમણૂંક કરવામાં આવે તેને લઈને દુવિધાભરી સ્થિતિમાં છે. હાલમાં પીઢ દિલ્હી અને ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના અધિકારી સીકે ખન્ના સિનિયર મોસ્ટ અધિકારી તરીકે છે. સેન્ટ્રલ ઝોન અને ત્રીજી વખત વાઈસ પ્રેસિડેન્ટ માટે પણ તેઓ દાવેદાર તરીકે છે. પૂર્વ ભારતીય કેપ્ટન સુનિલ ગાવસ્કરે ઈચ્છા વ્યક્ત કરી છે કે, આ જવાબદારી સૌરવ ગાંગુલીને સોંપવામાં આવે. બીસીસીઆઈને ખુબ સારી મજબૂત ટીમ મળી શકે છે. સુનિલ ગાવસ્કરનું કહેવું છે કે, મોટી ભૂમિકા અદા કરવા માટે બીસીસીઆઈ માટે તક છે. સૌરવ ગાંગુલીનું નામ સપાટી ઉપર સૌથી પહેલા આવે છે.

# બજેટ પહેલી ફેબ્રુઆરીએ રજૂ થશે

**આર્થિક સર્વે ૩૧મી જાન્યુઆરીના દિવસે રજૂ : સંસદનું બજેટ સત્ર ૩૧મી જાન્યુઆરીથી યોજાશે : આર્થિક સર્વે અને રાષ્ટ્રપતિનું સંબોધન પહેલા જ દિવસે હાથ ધરાશે**

નવીદિલ્હી,તા. ૩

સરકાર વર્ષ ૨૦૧૭-૧૮ના નાણાંકીય વર્ષ માટેનું બજેટ પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરનાર છે. પહેલી એપ્રિલના દિવસે શરૂ થયેલા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નું બજેટ ક્યારે રજૂ કરવામાં આવશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો હવે અંત આવી ગયો છે. કારણ કે આ બજેટ પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. સામાન્યરીતે બજેટ ફેબ્રુઆરી મહિનાના અંતિમ દિવસે રજૂ કરવામાં આવે છે પરંતુ હવે વહેલીતકે બજેટ રજૂ કરવાની તૈયારી કરવામાં આવી છે. બીજી રસપ્રદ બાબત એ છે કે, આ વખતે સામાન્ય બજેટમાં જ રેલવે બજેટને મર્જ કરી દેવામાં આવશે જેથી પરંપરાગતરીતે રેલવે બજેટ જોવા મળશે નહીં. સંસદમાં બજેટ સત્રનો પ્રથમ ભાગ ૩૧મી જાન્યુઆરીથી શરૂ થશે. એ વખતે સરકાર આર્થિક સર્વે રજૂ કરશે. આની સાથે જ નાણામંત્રી અરુણ જેટલીના ચોથા વાર્ષિક બજેટ માટેનો માર્ગ મોકળો કરી દેશે. નામ જાહેર નહીં કરવાની શરતે અધિકારીએ આજે આ મુજબની માહિતી આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### બજેટ સત્રનો કાર્યક્રમ

- બજેટ સત્ર ૩૧મી જાન્યુઆરીથી શરૂ થશે
- પહેલી ફેબ્રુઆરીના દિવસે કેન્દ્રીય બજેટ રજૂ થશે
- ૩૧મી જાન્યુઆરીએ રાષ્ટ્રપતિનું બંને ગૃહોને સંબોધન
- ૩૧મી જાન્યુઆરીના દિવસે આર્થિક સર્વે રજૂ કરાશે
- બજેટની સમગ્ર કવાયત ૩૧મી માર્ચે પુરી થશે
- બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૩૧મી જાન્યુઆરીથી શરૂ થશે
- જેટલી ચોથુ વાર્ષિક બજેટ રજૂ કરશે
- ૯મી ફેબ્રુઆરી સુધી બજેટ સત્રનો પ્રથમ તબક્કો ચાલશે

## મુલાયમ-અખિલેશ વચ્ચેની લાંબી બેઠક ફલોપ રહી

**અખિલેશ પોતાની માંગણી ઉપર મક્કમ રહ્યા : ટિકિટ ફાળવણીમાં એકાધિકાર, અમરસિંહની હકાલપટ્ટી તેમજ શિવપાલને પ્રદેશ અધ્યક્ષ પદથી દૂર કરવા માંગણી**

લખનૌ, તા.૩

સમાજવાદી પાર્ટીમાં ચાલી રહેલી ખેંચતાણનો કોઈ ઉકેલ આવે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. ઉત્તરપ્રદેશના પ્રદેશ અધ્યક્ષ પદથી દૂર કરવાની પણ તરફેણમાં છે. બીજી બાજુ મુલાયમસિંહ આ તમામ શરતોને પાળવા માટે તૈયાર નથી.



મુલાયમસિંહ યાદવ અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ વચ્ચે આજે આશરે ત્રણ કલાક સુધી ચાલેલી બેઠક કોઈપણ પરિણામ વગર પુરી થઈ હતી. સૂત્રોના કહેવા મુજબ બંને પક્ષ પોતપોતાની શરતોને લઈને અડી ગયા હતા અને જિદ્દી વલણ અપનાવ્યું હતું. અખિલેશ યાદવ હાલમાં રાજ્યમાં ટિકિટની ફાળવણીને લઈને એકાધિકાર જાળવવા માંગે છે. અમરસિંહની હકાલપટ્ટીની ઈચ્છા ધરાવે છે. સાથે સાથે શિવપાલસિંહ યાદવને બીજી બાજુ અખિલેશના છાવણીના રામગોપાલ સિંહ યાદવે પાર્ટીમાં કોઈપણ પ્રકારની સમાધાનની શકયતાને ફગાવી દીધી છે. રામગોપાલે કહ્યું છે કે, સમાજવાદી પાર્ટીમાં હવે કોઈ સમજૂતિ થનાર નથી. તેમણે કહ્યું હતું કે, અમે પોતાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવના નેતૃત્વમાં રાજ્યમાં ચૂંટણી લડીશું. ચૂંટણી પ્રતિકને લઈને નિર્ણય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવશે. બંને ટુકડીઓ જુદી જુદી રીતે ચૂંટણી લડી

● અનુસંધાન પાન-૭ પર



પ્રધાનમંત્રી તિરૂપતિ મંદિરે - ઈન્ડીયન સાયન્સ કોંગ્રેસના અધિવેશનના ઉદઘાટન પૂર્વે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ તિરૂપતિ બાલાજી મંદિરના દર્શને ગયા હતા... પ્રધાનમંત્રી અને ચંદ્રાબાબુ નાયડુએ ભગવાન વેંકટેશ્વરાને ભાવપૂર્વક વંદના કરી હતી....

## ખાલી ટ્રેન બર્થ પર ટુંકમાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટ રહેશે

**ચાર્ટ તૈયાર થયા બાદ ખાલી બર્થ પર ડિસ્કાઉન્ટ : વર્તમાન કાઉન્ટરો આઈઆરસીટીસીની વેબસાઈટ ઉપર ઈ-ટિકિટિંગ મારફતે આવી ટિકિટો ઉપલબ્ધ થઈ જશે**

નવી દિલ્હી,તા. ૩

રેલવે દ્વારા યાત્રીઓને વધુને વધુ સુવિધા આપવાની હિલચાલ ચાલી રહી છે તે દિશામાં આગળ વધીને રેલવે દ્વારા હવે ખાલી ટ્રેનના બર્થ પર ૧૦ ટકા ડિસ્કાઉન્ટ અથવા તો રાહત આપવાની તૈયારી કરી છે. ખાલી બર્થ અથવા તો સીટ પર ડિસ્કાઉન્ટની સ્કીમ હવે શરૂ કરવામાં આવનાર છે. ચાર્ટ તૈયાર કરી લેવામાં આવ્યા બાદ ઉપલબ્ધ તમામ ખાલી બર્થને ૧૦ ટકા ડિસ્કાઉન્ટ પર ભરવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આ તમામ ટિકિટો વર્તમાન કાઉન્ટરો અથવા તચો આઈઆરસીટીસી વેબસાઈટ મારફતે ઈ-ટિકિટિંગ દ્વારા ઉપલબ્ધ રહેશે. ટ્રેની નિર્ધારિત રવાનગીના ૩૦ મિનિટ પહેલા સુધી આ વ્યવસ્થા અમલી કરવાં આવનાર છે. ૧૫મી ડિસેમ્બરના દિવસથી ટ્રાયલ આધાર પર રાજધાની, શતાબ્ધી અને દુરેન્ટો ટ્રેનમાં આ સુવિધા શરૂ કરવામાં આવી હતી.

હવે આ સ્કીમ અન્ય ટ્રેનોમાં પણ શરૂ કરવામાં આવી રહી છે. ઉપલબ્ધ રહેલા બર્થને ૧૦ ટકા ડિસ્કાઉન્ટ પર ભરવામાં આવનાર છે. ચોક્કસ ટ્રેનોમાં આ ટિકિટ ફ્લેક્સી ફેર સિસ્ટમ પર ભરવામાં આવનાર છે. સુત્રોના કહેવા મુજબ ખાલી બર્થને કોઈ પણ કિંમતે ભરવા અને વધુ લાભ મેળવી લેવા માટે આ ડિસ્કાઉન્ટ આપવામાં આવનાર છે. જાણકાર લોકોનું કહેવું છે કે, ફ્લેક્સી ભાડાની પ્રગતિના લીધે ખાલી રહી ગયેલી કેટલીક સીટો અને ખાલી જગ્યાઓ પર માઠી અસર કરે છે. ફ્લેક્સી ભાડાની સિસ્ટમમાં છેલ્લી ટિકિટની કિંમત વાસ્તવિક કિંમત કરતા ૫૦ ટકા વધારે રહે છે. ખાલી બર્થ પર બુકિંગ માટે યાત્રીઓને મૂળભૂત ભાડા પર ૪૦ ટકા વધારે નાણા ચુકવવા પડશે જ્યારે અન્ય ચાર્જ યથાવત રહેશે. રેલવે દ્વારા ફ્લેક્સી ભાડામાં તત્કાલ ક્વોટાની શરૂઆત કરવામાં આવી ચુકી છે. વિકલ્પ સ્કીમ પણ શરૂ કરાઈ છે. રેલવે દ્વારા હાલમાં ઘણી આકર્ષક ટીમો શરૂ કરવામાં આવી છે.

## એટીએમ અને ડેબિટ કાર્ડ ફી પુનઃ શરૂ થતાં હાલાકીમાં વધારો

**દેશના મોટા ભાગના હિસ્સામાં નોટબંધીની અસર હજુ પણ જોવા મળી રહી છે : ડેબિટ કાર્ડ ટ્રાન્જેક્શન ફીમાં પણ સરકારે કોઈ રાહત જાહેર કરી જ નથી**

નવી દિલ્હી, તા.૩

દેશના મોટા ભાગના વિસ્તારોમાં હજુ પણ નોટબંધીની પ્રતિકુળ અસર જોવા મળી રહી છે. રોકડની કટોકટી વચ્ચે એટીએમ એને ડેબિટ કાર્ડ ફી ફરી શરૂ કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકો પરેશાન દેખાઈ રહ્યા છે. એટીએમ ઉપયોગ કરવા પર ચાર્જ ફરી શરૂ કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોમાં નારાજગી પણ જોવા મળી રહી છે. આ ઉપરાંત ડેબિટ કાર્ડ ટ્રાન્ઝેક્શન ફીમાં સરકારે કોઈ પણ પ્રકારની રાહતની જાહેરાત હજુ સુધી કરી નથી. એનસીઆર કોર્પોરેશનના ઈન્ડિયા એન્ડ સાઉથ એશિયા મેનેજિંગ ડાયરેક્ટર નવરોજ દસ્તુરે કહ્યુ છે કે ઈન્ડસ્ટ્રીઝને આશા હતી કે એટીએમ ટ્રાન્ઝેક્શન પર સરકાર ૩૧મી ડિસેમ્બર બાદ પણ રાહત અને છુટને જારી રાખી શકે છે પરંતુ આ છુટ અને રાહત જારી રહી નથી. પરંતુ આરબીઆઈ દ્વારા હજુ સુધી કોઈ દિશા નિર્દેશ જારી કર્યા નથી. આના પરિણામ સ્વરૂપે બેંકોએ ફરી એકવાર ટ્રાન્ઝેક્શન ફી ચાર્જ કરવાની શરૂઆત કરી દીધી છે. રોકડ કટોકટી પહેલાથી જ છે ત્યારે એટીએમ અને ડેબિટ કાર્ડ ફી ફરીવાર શરૂ કરવામાં આવ્યા બાદ લોકો પરેશાન દેખાઈ રહ્યા છે.

ઋણ સ્વીકાર



ધણપ ગામના સર્વે મતદારોએ અમોને આપેલ સમર્થન સહકાર આપવા બદલ તેમજ અમારા ઉપર વિશ્વાસ મુકી ગામની તમામ જ્ઞાતીઓએ ભેગા મળી જ્ઞાત-જાતના વાડાથી પર રહી ધણપ ગામની સરપંચની ચૂંટણીમાં ગામની જનતાએ મોટી લીડ સાથે અમોને વિજયની મહોર મારી છે. તે બદલ આપ સર્વે ગ્રામજનોનો અમો અંતઃકરણથી ઋણ સ્વીકાર કરીએ છીએ. અને આ જીતનો ગામવાસીઓને અર્પણ કરીએ છીએ... સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.



આપણા સૌના સહિયારા પ્રયાસથી આપણા ગૌરવવંતા ધણપ ગામની વિકાસલક્ષીને તેજ બનાવીશું એવા વિશ્વાસ સાથે....

આપના સહૃદયથી આભારી

રાણા જશુભા પીરૂભા ઠાકોર મેલાભાઈ રમણજી (સરપંચ)
તથા સભ્યશ્રીઓ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




માઈન્ડ પાવર વર્કશોપ
ડૉ અઢિયા દ્વારા

આંતરમનની અદ્ભૂત શકિતઓનો ઉપયોગ કરતા શીખી જીવનમાંથી નકારાત્મક્તાને દૂર કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિના માલિક બનો

e-GENIE

ફ્રી સેમિનાર રૂપલ શાહ દ્વારા
૧૨ વર્ષથી ઉપરની કોઈપણ વ્યકિત માટે ઉપયોગી
૪ જાન્યુઆરી - બુધવાર સાંજે ૭.૩૦ થી ૯.૩૦
સેક્ટર-૧૨, 'ગ' રોડ ઉપર, ગાંધીનગર
પ્રવેશ માટે : 8980001511-12-13
પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે

